**(૨૦)**

**પ્ર. ૧ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

**(૧) માત્ર સંખ્યા લખો.**

૧. ૨૬ દ્રવ્યોની મર્યાદા કરવાની છે એમાંથી ઉપભોગના કેટલા – **૨૦** ૨. વીંછીની ઈન્દ્રિય – ૪

૩. શ્રમણસૂત્રમાં આવતા નિર્ગ્રંથ પ્રવચનના વિશેષણો – **૧૩** ૪. પાઢિયારા દાન – ૬

**(૨) નીચેનામાં કાયાના દોષ લખો.**

૨. **ચલાસન – ડગમગતા આસને બેસવાથી** ૬. **આકુંચન પ્રસારણ – ઓઠિંગણે બેસવાથી**

૮. **મોટન – ટચાકા ફોડવાથી** ૧૦. **વિમાસણ – શરીર ખણવાથી**

**(૩) નીચેના શબ્દ કયા પાઠના છે? એ પાઠના નામ લખો.**

વંદે – **લોગસ્સ સૂત્ર, સામાયિકનો પાંચમો પાઠ**

સુએ – **સંક્ષિપ્ત પ્રતિક્રમણ સૂત્ર, પ્રતિક્રમણનો બીજો પાઠ**

છીએ – **શય્યાસૂત્ર, પહેલું શ્રમણસૂત્ર, ૨૩ મો પાઠ**

વહે – **પહેલું અણુવ્રત, પ્રાણાતિપાત વેરમણ વ્રત, છટ્ઠો પાઠ**

**(૪) નીચેના વાક્ય કયા પાપસ્થાનક માટે બંધબેસતા છે, તે લખો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. પતિ સામે કોર્ટમાં છૂટાછેડાનો કેસ દાખલ કરી એના મર્મ ઉઘાડા પાડે. | **મૃષાવાદ** |
| ૨. દર્શન મોહનીયના ઉદયથી મારું અસ્તિત્વ છે. | **મિચ્છા દંસણ સલ્લં** |
| ૩. સામાયિકમાં બેઠા મોડી આવેલ વ્યક્તિ માટે ઘડિયાળ તરફ ઈશારો કરીને બાજુમાં બેઠેલ વ્યક્તિને જણાવ્યું. | **પૈશુન્ય** |
| ૪. ચોર બજારમાંથી ઘડિયાળની ખરીદી કરી હોય. | **અદત્તાદાન** |

**(૫) નીચેના અર્થના મૂળ સૂત્ર–અર્ધમાગધી શબ્દ લખો.**

ત્રણ પ્રકારના – **તિવિહે** સેવવાના – **ઝૂસણા** અશુદ્ધ ભિક્ષા – **અપરિસુદ્ધં** જુગુપ્સા કરીને – **દુગંછિયં**

**(બ) આવશ્યક સૂત્ર પ્રમાણે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. સમ્યક્ત્વ સામાયિક કોને કહેવાય? (૩×૨)

**જ. જિનવચનમાં દઢતમ શ્રદ્ધા રાખવી તે સમ્યક્ત્વ સામાયિક છે. મોક્ષમાર્ગનો પ્રારંભ સમ્યગ્દર્શનથી જ થાય છે. સર્વ પાપકારી પ્રવૃત્તિથી મુક્ત થવા માટે, સમજણપૂર્વક સમભાવમાં સ્થિર થવા માટે સમ્યગ્દર્શનનું મહત્ત્વ છે, તેથી સૂત્રકાર સમ્યગ્દર્શનને સામાયિક કહે છે અથવા આત્મસ્વરૂપની અનુભૂતિ, તે નિશ્ચય સમ્યગ્દર્શન છે અને તે સમભાવરૂપ હોવાથી સમ્યગ્દર્શન તે સામાયિક છે.**

૨. ત્રીજો આવશ્યક કોને કરવાનો છે અને કેવી રીતે કરે છે?

**જ. ગુરુને કરવાનો છે. બીજા આવશ્યકમાં ૨૪ તીર્થંકરોની સ્તુતિ કર્યા પછી તેનો ભક્તિનો પ્રવાહ ગુરુ તરફ વહે છે, તેથી ત્રીજો આવશ્યક ગુરુવંદનાનો છે. તીર્થંકરોની અનુપસ્થિતિમાં પ્રત્યક્ષ ઉપકારી એવા ગુરુ જ સન્માર્ગનું દર્શન કરાવે છે. ગુરુના ઉપકારોનું સ્મરણ કરીને સાધક મન–વચન–કાયાથી ગુરુના ચરણોમાં ઝૂકી જાય છે. તે ઉ. ભાવે વિધિ સહિત ૧૨ આવર્તનપૂર્વક ગુરુને વંદન કરે છે અને ગુરુને થયેલ આશાતનાની ક્ષમાયાચના કરે છે.**

૪. સામાયિકથી થતા લાભનો પહેલો અને છેલ્લો ભેદ લખો. (૨×૨)

**જ. ૧) સામાયિકના કાળ દરમ્યાન સર્વ સાવદ્યયોગના પચ્ચક્ખાણ થઈ જવાથી સાધકને સમગ્ર લોકના ૧૮ પાપસ્થાન સંબંધી આવતી રાવી અટકી જાય છે. ૭) સામાયિકમાં ૧૨ પ્રકારના તપની આરાધના થાય છે.**

૫. ખાલી જગ્યા પૂરો.

૧) આ જગતમાં દશ્યમાન પ્રત્યેક ચીજ–વસ્તુ ....... છે. **ક્ષણિક**

૨) તેથી કેવળ ....... સમયમાં જ રહેવું. **વર્તમાન**

૩) સાધનાનો પ્રારંભ ....... થી થાય છે. **સામાયિક**

૪) સામાયિકના ....... અપેક્ષાએ ત્રણ પ્રકાર છે. **અધિકારી**

**(૨૦)**

**પ્ર. ૨ (અ) ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ૮ સૂક્ષ્મ કયા છે? માત્ર નામ લખો. અર્થ નહિ.

**જ. ૧) પ્રાણ સૂક્ષ્મ ૨) પનક સૂક્ષ્મ ૩) બીજ સૂક્ષ્મ ૪) હરિત સૂક્ષ્મ ૫) પુષ્પ સૂક્ષ્મ ૬) અંડ સૂક્ષ્મ ૭) લયન સૂક્ષ્મ ૮) સ્નેહ સૂક્ષ્મ.**

૨. ૩ થી ૬ જાગૃત રહેવા યોગ્ય સ્થાન લખો.

**જ. ૩) સંયમ દ્વારા નવા કર્મોનો નિરોધ કરવા ઉદ્યમવંત રહેવું જોઈએ. ૪) તપશ્ચરણથી જૂના કર્મોનો ક્ષય કરવા અને વિશોધન કરવા ઉદ્યમવંત રહેવું જોઈએ. ૫) અસંગૃહિત પરિજન (શિષ્યો) નો સંગ્રહ કરવા ઉદ્યમવંત રહેવું જોઈએ. ૬) શૈક્ષ–નવદીક્ષિત મુનિને આચાર–ગોચરનો સમ્યગ્ બોધ આપવા ઉદ્યમવંત રહેવું જોઈએ.**

૩. અર્થ લખો. વિગય, ગણિસંપદા, ગુરુગતિ, તિર્યગ્ગૌરવ પરિણામ.

વિગય – **જે પદાર્થ શરીર અને મનમાં વિકાર ઉત્પન્ન કરે તેને વિગય કહે છે.**

ગણિસંપદા – ગણિ – **ગણના અધિપતિ એટલે આચાર્ય.** સંપદા – **સંપત્તિ. આચાર્યની સંપત્તિ.**

ગુરુગતિ – **પરમાણુ આદિની સ્વાભાવિક ગતિ.**

તિર્યગ્ગૌરવ પરિણામ – **જે આયુષ્ય શક્તિથી જીવ પૂર્વાદિ દિશાઓમાં જાય.**

૪. આવતી ચોવીસીમાં બીજા, ત્રીજા, દશમા, સોળમા તીર્થંકર કોણ થશે? ત્યાં તેમના નામ શું હશે?

**જ.** બીજા – **સુપાર્શ્વ તે ભગવાન મહાવીરના કાકા તે સૂર નામના બીજા તીર્થંકર થશે.**

ત્રીજા – **ઉદાયી રાજા સુપાર્શ્વ નામના ત્રીજા તીર્થંકર થશે.**

દશમા – **શતક શતકીર્તિ નામના દશમા તીર્થંકર થશે.**

સોળમા – **સુલસા નિર્મમ નામના સોળમા તીર્થંકર થશે.**

૫. કેવળ સમુદ્ઘાત પછી યોગની પ્રવૃત્તિ શું હોય?

**જ. મનયોગ – સત્ય અને વ્યવહાર મનયોગ દ્વારા મનઃપર્યજ્ઞાની કે અનુત્તરવાસી દેવોએ પૂછેલા પ્રશ્નોના મનથી ઉત્તર આપે. વચનયોગ – સત્ય અને વ્યવહાર વચનયોગથી ઉપદેશ અથવા પ્રશ્નોના ઉત્તર આપે. કાયયોગ – ઔદારિક કાયયોગ દ્વારા ગમનાગમન આદિ સમાચારી સંબંધી પ્રવૃત્તિઓ કરે.**

**(બ) સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. સાતમા અધ્યયનમાં શીલ શબ્દ કયા અર્થમાં પ્રયુક્ત છે?

**જ. સાતમા અધ્યયનમાં શીલ શબ્દ આચાર – વિચારના અર્થમાં પ્રયુક્ત છે.**

૨. સુશીલ સાધક શું સમજે છે?

**જ. ભાવવિશુદ્ધિ વિના કર્મક્ષય થતો નથી.**

૩. સુશીલ સાધુ શેના કારણે પોતાના માર્ગથી ચલિત થાય છે?

**જ. મોહનીય કર્મના ઉદયને આધીન થઈને, છદ્મસ્થ દશાને વશ થઈને પોતાના માર્ગથી ચલિત થાય છે.**

૪. આધ્યાત્મિક વીર્ય કોને કહે છે?

**જ. આત્માની આંતરિક શક્તિ કે સાત્વિક બળને આધ્યાત્મિક વીર્ય કહે છે.**

૫. ગમે તે પરિસ્થિતિમાં સાધુ કઈ ભાષા ન બોલે?

**જ. ગમે તે પરિસ્થિતિમાં સાધુ અસત્ય કે મિશ્ર ભાષા ન બોલે.**

૬. સાધકે શું શું અલ્પ કરવું જોઈએ?

**જ. આહાર, ભાષા, નિદ્રા, ઉપકરણો.**

૭. સાધુ બીજા મહાવ્રતનું પાલન કરવા શું કરે?

**જ. ભાષા સમિતિપૂર્વક હિત, મિત અને પરિમિત ભાષાનો પ્રયોગ કરે.**

૮. પાંચ પ્રમાદ કયા કયા છે?

**જ. મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા.**

૯. નવમા અધ્યયનનું નામ શું છે? તેમાં કેટલી ગાથા છે?

**જ. નવમા અધ્યયનનું નામ ધર્મ છે. તેમાં ૩૬ ગાથા છે.**

૧૦. સંયમી સાધક કોને આત્મસમાન જાણી તેની પૂર્ણપણે દયા પાળે?

**જ. સંયમી સાધક પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાયના જીવોને આત્મસમાન જાણી તેની પૂર્ણપણે દયા પાળે.**

(૨૦)

**પ્ર. ૩ (અ) ઉપાસક દશાંગ સૂત્રના આધારે દશે શ્રાવકનું નામ, પત્નીનું નામ અને નગરીનું નામ લખો. (૧૦)**

**જ. પાઠાવલી પુસ્તક – ૧૦ શ્રેણી – ૨૩, પાના નં. ૩૬, ૩૭**

**(બ) સુખ વિપાક સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. વિપાક સૂત્ર કેટલામું કયા પ્રકારનું છે? વિપાક સૂત્ર એટલે શું? કેટલા શ્રુતસ્કંધ છે? કેટલા અધ્યયન છે?

**જ. વિપાક સૂત્ર અગિયારમું અંગસૂત્ર છે. વિપાક એટલે શુભાશુભ કર્મ પરિણામ અને તેનું કથારૂપમાં પ્રતિપાદન કરનાર સૂત્ર. તેના બે શ્રુતસ્કંધ છે. તેમાં ૨૦ અધ્યયન છે.**

૨. સુખવિપાકના ૧૦ અધ્યયનના નામ લખો.

**જ. ૧) સુબાહુ કુમાર, ૨) ભદ્રનંદી કુમાર, ૩) સુજાત કુમાર, ૪) સુવાસવ કુમાર, ૫) જિનદાસ કુમાર, ૬) ધનપતિ કુમાર, ૭) મહાબલ કુમાર, ૮) ભદ્રનંદી કુમાર, ૯) મહાચંદ્ર કુમાર, ૧૦) વરદત્ત કુમાર.**

૩. પ્રથમ ચારની નગરી અને પૂર્વભવના નામ લખો.

**જ. ૧) સુબાહુ કુમાર – નગરી – હસ્તિશીર્ષ નગર, પૂર્વભવ – સુમુખ ગાથાપતિ**
**૨) ભદ્રનંદી કુમાર – નગરી – ઋષભપુર નગર, પૂર્વભવ – વિજયકુમાર**
**૩) સુજાત કુમાર – નગરી – વીરપુર નગર, પૂર્વભવ – ઋષભદત્ત ગાથાપતિ**
**૪) સુવાસવ કુમાર – નગરી – વિજયપુર નગર, પૂર્વભવ – ધનપાલ રાજા**

૪. છેલ્લા ચારના માતા–પિતાના નામ લખો.

**જ. ૭) મહાબલ કુમાર – માતા – સુભદ્રાદેવી રાણી, પિતા – બલ રાજા**
**૮) ભદ્રનંદી કુમાર – માતા – તત્વવતી રાણી, પિતા – અર્જુન રાજા**
**૯) મહાચંદ્ર કુમાર – માતા – રક્તીવતી રાણી, પિતા – દત્ત રાજા**
**૧૦) વરદત્ત કુમાર – માતા – શ્રીકાંતા રાણી, પિતા – મિત્રનંદી રાજા**

૫. પાંચમા–છટ્ઠાના પૂર્વભવના નામ અને કોને દાન આપ્યું?

**જ. ૫) જિનદાસ કુમાર – પૂર્વભવમાં – મેઘરથ રાજા, આહારદાન – સુધર્મા અણગાર**
**૬) ધનપતિ કુમાર – પૂર્વભવમાં – મિત્રનામક રાજા, આહારદાન – સંભૂતિવિજય અણગાર**

(૨૦)

**પ્ર. ૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરો. (૮)**

૧. તસ્સ ...... રામકેસવા – **પાના નં. ૪૭ ગાથા ૨** ૨. અહ ...... પરિવારિઓ – **પાના નં. ૪૮ ગાથા ૧૧**

૩. જઈ મજ્જ ...... ભવિસ્સઈ – **પાના નં. ૫૦ ગાથા ૧૯** ૪. ધિરત્થુ ...... ભવે – **પાના નં. ૫૪ ગાથા ૪૩**

**(૨) નીચેની ગાથાઆનો માત્ર ભાવાર્થ લખો. (૬)**

૧. રાઈમઈ વિચિન્તેઈ, ધિરત્થુ મમ જીવિયં । જા હં તેણ પરિચ્ચત્તા, સેયં પવ્વઈઉ મમ ॥

**જ. પાના નં. ૫૧ ગાથા – ૨૯ નો માત્ર ભાવાર્થ.**

૨. દટ્ઠૂણ રહનેમિં તં, ભગ્ગુજ્જોય પરાજિયં । રાઈમઈ અસંભન્તા, અપ્પાણં સંવરે તહિં ॥

**જ. પાના નં. ૫૩ ગાથા – ૩૯ નો માત્ર ભાવાર્થ.**

૩. મણગુત્તો વયગુત્તો, કાયગુત્તો જિઈન્દિઓ । સામણ્ણં નિચ્ચલં ફાસે, જાવજ્જીવં દઢવ્વઓ ।।

**જ. પાના નં. ૫૫ ગાથા – ૪૯ નો માત્ર ભાવાર્થ.**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ એક જ શબ્દમાં લખો. (૬)**

| | જવાબ |
|---|---|
| ૧. અરિષ્ટનેમિ કેટલા લોકના નાથ હતા? | **ત્રણ લોક** |
| ૨. રામનું નામ શું હતું? | **બલદેવ** |
| ૩. કેશવ કોને કહેવાય? | **વાસુદેવને** |
| ૪. રહનેમિ કયા પર્વતની ગુફામાં હતા? | **રૈવતક** |
| ૫. રાજેમતી શેનાથી બચવા અંધારી ગુફામાં રોકાઈ? | **વર્ષાથી** |
| ૬. રહનેમિની માતાનું નામ શું હતું? | **શિવાદેવી** |
| ૭. રહનેમિ કયા પરિષહથી પરાજિત થયા? | **સ્ત્રી** |
| ૮. રહનેમિ શેમાં નળ–કુબેર જેવા હતા? | **લલિત કળાઓમાં** |
| ૯. ભગવાન દીક્ષા લેવા શેના પર આરૂઢ થઈને નીકળ્યા? | **શિબિકા રત્ન** |
| ૧૦. ભગવાને કયા નક્ષત્રમાં દીક્ષા લીધી? | **ચિત્રા** |
| ૧૧. રાજેમતીના સસરા કોણ થવાના હતા? | **અંધકવિષ્ણુ–સમુદ્રવિજય** |
| ૧૨. આ અધ્યયનમાં કેશવનું નામ શું છે? | **કૃષ્ણ** |

**(૨૦)**

**પ્ર. ૫ (અ) ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નના જવાબ લખો. (૧૦)**

૧. દેવાધિદેવના છેલ્લા ચાર ગુણ લખો.

**જ. ૯) અનંત જ્ઞાન અતિશય ૧૦) અનંત અર્ચા પૂજા અતિશય ૧૧) અનંત વચન અતિશય ૧૨) અનંત અપાયાગમ અતિશય તે સર્વ દોષરહિતપણું**

૨. પાંચ દેવની અવગાહના લખો.

| જ. દેવના નામ | જઘન્ય અવગાહના | ઉત્કૃષ્ટ અવગાહના |
|---|---|---|
| **૧. ભવિય દ્રવ્ય દેવ** | **આંગુલનો અસં.મો ભાગ** | **૧૦૦૦ યોજન** |
| **૨. નરદેવ** | **૭ ધનુષ** | **૫૦૦ ધનુષ** |
| **૩. ધર્મદેવ** | **૨ હાથ** | **૫૦૦ ધનુષ** |
| **૪. દેવાધિદેવ** | **૭ હાથ** | **૫૦૦ ધનુષ** |
| **૫. ભાવ દેવ** | **૧ હાથ** | **૭ હાથ** |

| ૩. એક શબ્દમાં જવાબ લખો. | જવાબ |
|---|---|
| ૧) કોની આગતમાં ચારે ગતિના જીવો આવે? | **ધર્મદેવ, ભવિય દ્રવ્ય દેવ** |
| ૨) અસંખ્યાત વર્ષના ભવિય દ્રવ્ય દેવ કેટલા વૈક્રિય રૂપ કરે? | **એકે ય નહિ** |
| ૩) કઈ નિધિમાં શિલ્પ શાસ્ત્રની જાણકારી હોય? | **કાલનિધિ** |
| ૪) છટ્ઠી નરકમાંથી નીકળીને કયા દેવ થઈ શકે? | **ભવિય દ્રવ્યદેવ** |

૪. નરદેવની આગતિ, દેવાધિદેવની ગત, ભવિય દ્રવ્ય દેવની સંચિટ્ઠણા, ધર્મદેવનું આંતરું લખો.

જ. નરદેવની આગતિ – **૮૨ બોલની. પ્રથમ નરક, ૧૦ ભવનપતિ, ૨૬ વાણવ્યંતર, ૧૦ જ્યોતિષી, ૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાનના પર્યાપ્તા એ ૮૨ બોલ.**

દેવાધિદેવની ગત – **મોક્ષમાં જાય.**

ભવિય દ્રવ્ય દેવની સંચિટ્ઠણા – **જ. અંતર્મુહૂર્ત ઉ. ૩ પલ્યોપમની.**

ધર્મદેવનું આંતરું – **જ. બે પલ્ય ઝાઝેરું ઉ. દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તન.**

૫. માત્ર સંખ્યા લખો. ૧) ખંડ – ૬　　２) પાંચ દેવના દ્વાર – ૯
૩) દેવાધિદેવની આગત – ૩૮　　૪) રથ – ૮૪ લાખ

**(બ) નીચેના જીવોની માર્ગણા લખો. (કોઠો બનાવીને લખો.) (૧૦)**

૧. કેવળીમાં
૨. અધોલોકમાં
૩. તિર્ચ્છાલોક પ્રત્યેક શરીરમાં બાદર પર્યાપ્તામાં
૪. તિર્ચ્છાલોક પર્યાપ્તા પ્રત્યેક શરીરમાં
૫. પ્રત્યેક શરીર નોગર્ભજ એકાંત મિથ્યાદષ્ટિમાં
૬. કૃષ્ણલેશી વચનયોગીમાં
૭. નોગર્ભજ કૃષ્ણલેશી અપર્યાપ્તામાં
૮. નોગર્ભજ ઘ્રાણેન્દ્રિય સમ્યગ્દષ્ટિમાં
૯. કૃષ્ણલેશી સમ્યગ્દષ્ટિમાં
૧૦. એકવેદી ચક્ષુઈન્દ્રિયમાં

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | કુલ ભેદ |
|---|---|---|---|---|---|
| ૧. કેવળીમાં | ૦ | ૦ | ૧૫ | ૦ | ૧૫ |
| ૨. અધોલોકમાં | ૧૪ | ૪૮ | ૩ | ૫૦ | ૧૧૫ |
| ૩. તિર્ચ્છાલોક પ્રત્યેક શરીરમાં બાદર પર્યાપ્તામાં | ૦ | ૧૮ | ૧૦૧ | ૩૬ | ૧૫૫ |
| ૪. તિર્ચ્છાલોક પર્યાપ્તા પ્રત્યેક શરીરમાં | ૦ | ૨૨ | ૧૦૧ | ૩૬ | ૧૫૯ |
| ૫. પ્રત્યેક શરીર નોગર્ભજ એકાંત મિથ્યાદષ્ટિમાં | ૧ | ૨૬ | ૧૦૧ | ૩૬ | ૧૬૪ |
| ૬. કૃષ્ણલેશી વચનયોગીમાં | ૩ | ૧૩ | ૧૦૧ | ૫૧ | ૧૬૮ |
| ૭. નોગર્ભજ કૃષ્ણલેશી અપર્યાપ્તામાં | ૩ | ૧૯ | ૧૦૧ | ૫૧ | ૧૭૪ |
| ૮. નોગર્ભજ ઘ્રાણેન્દ્રિય સમ્યગ્દષ્ટિમાં | ૧૩ | ૭ | ૦ | ૧૬૨ | ૧૮૨ |
| ૯. કૃષ્ણલેશી સમ્યગ્દષ્ટિમાં | ૫ | ૧૮ | ૯૦ | ૭૨ | ૧૮૫ |
| ૧૦. એકવેદી ચક્ષુઈન્દ્રિયમાં | ૧૪ | ૧૨ | ૧૦૧ | ૭૦ | ૧૯૭ |

**જય જિનેન્દ્ર**